# India and Bhutan sign MoU for developing cooperation in the areas of Environment

June 18, 2021

---

## પર્યાવરણ ક્ષેત્રે સહકાર વધારવા ભારત અને ભુટાન વચ્ચે એમઓયુ

જૂન 18, 2021

ભારત અને ભુટાને આજે બંને દેશો વચ્ચે પર્યાવરણના ક્ષેત્રમાં સહકાર વધારવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ એમઓયુ ભારત તરફથી પર્યાવરણ, વન અને ક્લાઈમેટ ચેન્જ મંત્રી પ્રકાશ જાવડેકર અને ભુટાન તરફથી વિદેશ બાબતોના મંત્રી તથા નેશનલ એન્વાયર્નમેન્ટ કમિશનના અધ્યક્ષ લાયોન્પો ડો. તાંડી દોરજી વચ્ચે કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વાત કરતા શ્રી જાવડેકરે જણાવ્યું કે ક્લાઈમેટ ચેન્જ, વેસ્ટ મેનેજમેન્ટ વગેરે ક્ષેત્રે એમઓયુથી સહકારનું નવું ક્ષેત્ર ખુલશે. આ બંને દેશ વચ્ચેના સંબંધોને તેમણે મહત્ત્વના ગણાવીને તેમણે કહ્યું કે ભારત ક્લાઈમેટ ચેન્જ સહિત પર્યાવરણના મુદ્દે ભુટાન સાથે જોડાવા માંગે છે.

આ એમઓયુ વાયુ પ્રદૂષણ, વેસ્ટ મેનેજમેન્ટ, કેમિકલ મેનેજમેન્ટ, ક્લાઈમેટ ચેન્જ વગેરેમાં ભારત અને ભુટાનની ભાગીદારી અને ટેકો વધારવાનું પ્લેટફોર્મ બનશે. તે પરસ્પર હિતના ક્ષેત્રમાં જોઈન્ટ પ્રોજેક્ટ માટે સંભાવના પૂરી પાડે છે. એમઓયુથી ટેક્નોલોજિકલ, વૈજ્ઞાનિક અને મેનેજમેન્ટ ક્ષમતા વધારે મજબૂત બનશે અને પર્યાવરણના ક્ષેત્રમાં સહકાર વધારશે જેથી બંને દેશો વચ્ચે પરસ્પર લાભદાયક ભાગીદારીને ઉત્તેજન મળશે.

**નવી દિલ્હી**
**જૂન 18, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.